# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## AMBAJI BHADARVI MELO

યાત્રાધામ અંબાજી ખાતે આજે વિધિવત્ રીતે ભાદરવી પૂનમના મેળાનો પ્રારંભ થયો છે. જિલ્લા કલેક્ટર મિહીર પટેલે રથને પ્રસ્થાન કરાવી શક્તિ, ભક્તિ અને આસ્થાના મિની કુંભ સમાન આ મેળાનો શુભારંભ કરાવ્યો હતો. મેળાનો પ્રારંભ થતાં જ જય જય અંબેના નાદ સાથે ગિરિમાળાઓ ગુંજી ઊઠી હતી. જિલ્લા કલેક્ટર મિહીર પટેલે વિવિધ સેવા કેમ્પનો પણ પ્રારંભ કરાવ્યો હતો. ભક્તોને આવકારતા જિલ્લા કલેક્ટરે આ મુજબ જણાવ્યું હતું.

**(બાઈટ – મિહીર પટેલ, કલેક્ટર, બનાસકાંઠા)**

----------

## GANDHINAGAR CABINET MEET

ગાંધીનગરમાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં કૃષિ પાકના નુકસાનના ચાલી રહેલા સરવેની સમીક્ષા કરવામાં આવી હતી.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે, બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ અને તેના આયોજન, રાજ્યની મુલાકાતે આવેલી કેન્દ્ર સરકારની ટુકડીને આવેદનપત્ર આપવા, કચ્છમાં ભેદી રોગચાળા અને તેના કારણે થયેલા માનવ મૃત્યુ અંગે પણ ચર્ચા

કરવામાં આવી. ઉપરાંત આરોગ્યમંત્રીએ કચ્છની મુલાકાત લીધા બાદ ત્યાંની આરોગ્ય અંગેની પરિસ્થિતિથી મંત્રીમંડળને માહિતી આપી હતી.

-------------------

## AHMEDABAD DRUGS

અમદાવાદ ગુનાશાખાએ શહેરમાંથી એક કરોડ રૂપિયાથી વધુની કિંમતના માદક પદાર્થ સાથે 2 લોકોની ધરપકડ કરી હતી. જ્યારે ફરાર એક વ્યક્તિની શોધખોળ ચાલી રહી છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે, આ માદક પદાર્થ કાર મારફતે જયપુર-રતલામ રાજમાર્ગથી અમદાવાદમાં લવાયું હતું. હાલમાં માદક પદાર્થ સાથે પકડાયેલા  આવેલ આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

-------------------

## STATE WEATHER REPORT

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 23 જિલ્લાના 95 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. હાલમાં રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ

કુલ 124 ટકા વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. આમાંથી સૌથી વધારે 183 ટકા વરસાદ કચ્છ અને 130 ટકા વરસાદ સૌરાષ્ટ્ર ઝોનમાં વરસ્યો છે.

રાજ્યના 117 બંધ 100 ટકા, 49 બંધ 70થી 100 ટકા અને 19 બંધ 50થી 70 ટકા વચ્ચે ભરાઈ ગયા છે. જ્યારે 144 બંધ હાઈ-અલર્ટ, 12 બંધ અલર્ટ અને 10 બંધ ચેતવણી પર રખાયા છે.

પાટણ જિલ્લામાં પાટણ તાલુકાના સરસ્વતી બેરેજ વિસ્તાર નજીક ગણેશ વિસર્જન દરમિયાન ગઈકાલે પાણીમાં ડૂબી જવાથી કુલ ચાર લોકોના મોત નીપજ્યા હતા.

-------------------

## NARMADA GAM CHETAVANI

સરદાર સરોવર બંધની સપાટીમાં પાણીના સતત વધારાના કારણે આજે બંધના 15 દરવાજા પોણા 2 મીટર ખોલવામાં આવ્યા છે. આના કારણે બંધના નીચાણવાળા વિસ્તારમાં 2 લાખ ક્યૂસેક પાણી વહેશે. આ સ્થિતિને પગલે વડોદરા જિલ્લા વહીવટી તંત્રએ નર્મદા નદીના કિનારે આવેલા 25 ગામના લોકોને સાવચેત કર્યા છે. નદી તળ વિદ્યુત મથકના 6 મશીન અને સરદાર સરોવર બંધનાં દરવાજાના સંચાલનના કારણે નર્મદા

નદીમાં કુલ 2 લાખ 45 હજાર ક્યૂસેક પાણી છોડવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટરે જણાવ્યું છે.

-------------------

## DANG DAM WATER INCOME

રાજ્યમાં આ વર્ષે ચોમાસું સારું રહેતાં ડાંગ જિલ્લાના તમામ ચેક-ડેમ અને મોટા ડેમમાં પાણીની સારી આવક થઈ છે. ડાંગનાં અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે, સરકાર દ્વારા જિલ્લામાં 5 જેટલી જૂથ યોજનામાં 70 ગામનો સમાવેશ કરાયો છે.

. . . . . . . . . . . . . .

## Rajkot post office

રાજકોટ જિલ્લાની મુખ્ય ટપાલ કચેરી ખાતે આજથી ૧૪મી સપ્ટેમ્બર સુધી પોસ્ટ ઓફિસ બચત ખાતા ખોલવા માટે વિશેષ શિબિર યોજાશે. જેમાં આધાર કાર્ડ, પાનકાર્ડ અને બે પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે તત્કાળખાતું ખોલી અપાશે.

ઉલ્લેખનીય છે કે, કચેરીમાં 500 રૂપિયાના લઘુતમ બેલેન્સ સાથે બચતખાતું ખોલાવી શકાય છે, જેમાં નેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ,

એટીએમ જેવી સુવિધાનો પણ લાભ મળે છે. આનો વધુમાં વધુ લાભ લેવા સિનિયર પોસ્ટ માસ્ટર, મુખ્ય પોસ્ટ ઓફિસની યાદીમાં જણાવાયું છે.

--------------------------

## UNJA DHVJA MAHOTSAV

મહેસાણાના ઊંઝા ખાતે ઉમિયા માતાજીના પ્રાગટ્યના એક હજાર 868 હજાર વર્ષ નિમિત્તે આજથી ધજા મહોત્સવનો પ્રારંભ થયો છે. 18મી સપ્ટેમ્બર સુધી યોજાનારા આ મહોત્સવ દરમિયાન મંદિરમાં દર કલાકે 168 ધજા ઉમિયા માતાજીના મંદિરના શિખરે અર્પણ કરાશે. મહોત્સવમાં 30 કમિટીમાં ચાર હજાર સ્વયંસેવક ખડેપગે હાજર રહેશે.

-------------------

## GANESH VISARJAN – GODHRA

પંચમહાલના ગોધરામાં આજે ત્રણ હજારથી વધુ જવાન સાથે 3.25 કિલોમીટરના રૂટ પર 500થી વધુ ગણેશજીની પ્રતિમાનું વિસર્જન રામસાગર અને કનેલાવ તળાવમાં કરવામાં આવી રહ્યું છે. તંત્ર વીડિયોગ્રાફર, સીસીટીવી કેમેરા, ડ્રોન કેમેરા, બોડીવૉર્ન કેમેરા તથા રૂટ પર આવતા નેત્રમના કેમેરા દ્વારા વિસર્જન યાત્રા પર નજર રાખી રહ્યું છે.